# -ः આંકઃ ૧ લગત હુકમ :-

## C.C.NO. 82218/2023

(૧) આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમઃ ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે. આ કામના આરોપીનાઓ હાજર થઈ તેઓએ પોતાની સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિઘ્ધાંતને ઘ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ઘ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

**૧).** આ કામનાં આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમઃ ઈ.પી.કો.કલમઃ ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી રૂા.૩૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ના ભરે તો દિન- ૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશિયલ મેજીસ્ટ્રેટ સિટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**મુકામ : અમદાવાદ.**
**તા.૦૯/૦૯/૨૦૨૩**

**(વી. જી. રાણા )**
**એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૩, અમદાવાદ.**
**કોડ નંબરઃજીજે.**૦૦૯૬૪